# સેકટર-૨૪માં સ્ટેટ બેંકનું એટીએમ શોભાનો ગાંઠીયો, તંત્રની બેદરકારી

## પંખો કે એસીની વ્યવસ્થા નથી, નાણા એટીએમમાં હોતા નથી, ગ્રાહકો ઘરમધક્કાથી પરેશાન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરનું બીજા નંબરનું શ્રેષ્ઠ માર્કેટ ગણાતું સેકટર-૨૪ અનેક સમસ્યાઓથી વિટંળાયેલું પંખો કે એસીની કોઈ વ્યવસ્થા ન કરી હોવાથી ગ્રાહકો અકળાઈ જાય છે. સામાન્ય રીતે એટીએમમાંથી પૈસા ઉપાડ કરતી વખતે એક ગ્રાહક પાંચથી દસ મિનિટનો




ઉપયોગ કરે છે જેમાં અહીં ગુંગળાઈ જવાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે તેમજ એટીએમ શરૂ થયાના બે જ દિવસમાં એટીએમમાં નાણાં જ ન હોવાની ફરિયાદો ઉભી થઈ ગઈ છે જેથી તંત્ર એ એટીએમમાં કેશ/પૈસા નથી તેવું બોર્ડ મારી દીધું છે.

છે. જેમાં મહત્વની બાબત નાણાંકીય ઉપલબ્ધિની હોય છે. જે માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ કાર્યરત કરાયું હતું. પરંતુ થોડાક દિવસમાં તંત્રની બેદરકારીથી આ એટીએમ બિન ઉપયોગી બની ગયું છે. પ્રાથમિક સુવિધાઓના અભાવ સાથે શરૂ થયેલા એટીએમથી ગ્રાહકો રીતસર તંત્ર ઉપર ફિટકાર વરસાવી રહ્યા છે અને સતત ધરમધક્કાથી પરેશાનથી ઉઠયા છે.

શહેરના સેકટર-૨૪માં આવેલા માર્કેટમાં દૈનિક મોટી સંખ્યામાં ગ્રાહકોની અવરજવર રહે છે અને ખરીદી માટે શ્રેષ્ઠ માર્કેટમાં ગણના થાય છે. આ માર્કેટમાં થોડા સમય પહેલાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ગ્રાહકોની સંખ્યા અને જરૂરિયાતને ધ્યાને લઈ માર્કેટ વચ્ચે આવેલ અંબાજી મંદિરની સામે જ એક એટીએમ ઉભું કરી ગ્રાહકોને સગવડ આપવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ એટીએમમાં પ્રાથમિક સુવિધા જેવી કે હવા ઉજાસ તેમજ

ટેકનોલોજીને વસાવવી સહેલી છે પરંતુ તેની કાળજી અને કેળવણી અત્યંત મહત્વપૂર્ણ છે. ઈલેકટ્રોનીક ઉપકરણોનો સામાન્યતહ નિયમ એવો છે કે તે અમુક નક્કી કરેલા તાપમાન સુધી જ કામ કરે છે જેમાં હાલ કાળઝાળ ગરમીમાં ૪૫ ડિગ્રી તાપમાનમાં આ ઉપકરણ કામ કરતું નથી જેનું કારણ પંખો કે એસીનો અભાવ મનાઈ રહ્યું છે. તંત્રની બેદરકારીથી હાલ મહત્વના સ્થળે અને મોટા ખર્ચે ઉભું કરેલું આ ગ્રાહક ઉપયોગી એટીએમ ધુળ ખાઈ રહ્યું છે. જેને સત્વરે ચાલુ કરાય જેથી ગ્રાહકોને સુવિધા મળી રહે તેવી માંગ ઉભી થઈ છે.

# સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહિ આવે તો આંદોલન

## વર્ષોથી વર્ગ-૩-૪ના સફાઈ કામદારો સાથે તંત્ર દ્વારા ઓરમાયુ વર્તન દાખવવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર અને અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તંત્રને કોઈ જ રસ નથી. વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓએ અનેક વખત રજુઆત કરવા છતાં તંત્રના બહેરા કાને અવાજ પહોંચતો નથી. સફાઈ કામદાર યુનિયન દ્વારા આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

સફાઈ કામદાર યુનિયન દ્વારા અનેક વખત રજુઆત કરવામાં આવી છે કે વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને આજ સુધી બઢતી આપવામાં આવી નથી. જે શહેરી વિકાસ દ્વારા મળવા પાત્ર થાય છે. તેનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

નોટીફાઈડ એરિયાના જુના કર્મચારીઓને મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ આ કર્મચારીઓને છઠ્ઠુ પગાર પંચ આપવામાં આવ્યું નથી. મોંઘવારીના માર વચ્ચે આ કર્મચારીઓને જીવન જીવવુ દોજખ બન્યું છે.

નગરપાલિકામાં સરકારી મહેકમ મુજબ ભરતી ન કરવાના કારણે કર્મચારીઓ પર કામનું ભારણ વધવા પામ્યું છે. ઓછા કર્મચારીઓથી સફાઈ પુરેપુરી થઈ શકતી નથી. ઠેર ઠેર ગંદકીના થર જામે છે. નગરમાં અવાર-નવાર વાહનોની અડફેટે અનેક પ્રાણીઓના મૃત્યુ થાય છે. ત્યારે મૃત પ્રાણીને લઈ જવા માટે વાહનની સુવિધા પુરી પાડવામાં તંત્ર ઉણુ ઉતર્યુ છે. વાહનના અભાવે પ્રાણી જે તે જગ્યાએ પડી રહે છે.

ત્યારે ગત તા. ૧ મે-૨૦૧૩ થી કુલ ૯૪ કામદારોની નિમણૂંક કરવામાં આવી છે. પરંતુ આ કર્મચારીઓને ધારા ધોરણ મુજબ વેતન આજ સુધી આપવામાં આવતું નથી જેથી મોટી ખાયકી થતી હોય તેવું લાગી રહ્યું છે. તંત્ર દ્વારા કર્મચારીઓના છોકરાઓનો કોળિયો છીનવી લેવામાં આવી રહ્યો છે તેવું લાગી રહ્યું છે. શા માટે પુરતુ વેતન આપવામાં આવતુ નથી? તે એક મોટો તપાસનો વિષય છે.

કર્મચારીઓની પડતર માંગણીઓ સ્વિકારવામાં નહિ આવે તો આગામી સમયમાં યુનિયન દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. જે માંગણીઓ સંતોષાયા બાદ જ પુરૂ કરવામાં આવશે તેમ પ્રમુખ શાંતાબેન ચાવડાએ જણાવ્યું છે.

# સગીરાના અપહરણ કેસમાં આરોપીને ૫ વર્ષની સખત કેદ

## લીંબોદરામાંથી સગીરાનું અપહરણ કરી ધ્રાંગધ્રા સહિત વિવિધ સ્થળોએ લઈ ગયો હતો

ગાંધીનગર, તા. ૧૧

લીંબોદરા ગામની કિશોરીને લલચાવી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરવાના કેસમાં કલોલ કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી ૫ વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

તા. ૨૭ માર્ચ, વર્ષ ૨૦૧૨ના રોજ આરોપી સંજય ઉર્ફે સુનીલ જયંતિલાલ પટેલે ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કર્યુ હતુ. તેણીનું લલચાવી-ફોસલાવી આરોપી તેને જારકર્મ કરવાના ઈરાદે ધ્રાંગધ્રા સહિત વિવિધ સ્થળે લઈ ગયો હતો. આ અંગે કલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસ કલોલની એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી.ડી. વ્યાસે દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે આરોપીએ બીજી વખત ભોગ બનનારને ભગાડી જવાની તજવીજ કરી છે. જેની સામે માણસા પોલીસ મથકે પણ ગુનો નોંધાયો છે. જેથી સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીને સખત સજા થવી જોઈએ. સેસન્સ જજ જી.એમ. પટેલે પુરાવાઓને તેમજ સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ આરોપીને કલમ ૩૬૬ અને ૩૬૩ના ગુનામાં ૫ વર્ષની સખત કેદની સજા ભોગવવા ઉપરાંત રૂ. ૧ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

# સે. ૨૮માં રૂપિયાની લેતી-દેતી મામલે બે શખ્સોએ યુવકને ઢોર માર માર્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક સરઢવ ગામના બે યુવાને આજે રૂપિયાની લેતીદેતી મામલે સેક્ટર-૨૮માં જી.આઈ.ડી.સી.માં કામ કરતા યુવકને ઢોર માર મારી ઈજાઓ પહોંચાડી નાસી છૂટ્યા હતા જે મામલે સેક્ટર-૨૧માં ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગરના કલોલમાં રહેતો સંજય મુકેશભાઈ જોષી ગાંધીનગર સેક્ટર-૨૮માં આવેલી જી.આઈ.ડી.સી.માં પંચાલ સ્ટીલ કંપનીમાં નોકરી કરે છે. સંજય જોષીના સગાભાઈએ થોડા સમય અગાઉ સરઢવ ગામે રહેતા દિલીપ ગઢવી પાસેથી રૂ. ૧.૨૦ લાખ રૂપિયા લીધા હતા. જેની ઉઘરાણી મામલે દિલીપ ગઢવી તેના મિત્ર ભૂરિયા પટેલ સાથે સે. ૨૮ જીઆઈડીસી ખાતે પંચાલ સ્ટીલ કંપનીએ આવી સંજય જોષી સાથે બોલાચાલી કરી હતી. દરમિયાન મામલો બિચકતા દિલીપ ગઢવી અને ભૂરીયા પટેલે સંજયને ગડદાપાટુનો ઢોર માર માર્યો હતો અને શરીરે નાનામોટી ઈજાઓ પહોંચાડી નાસી છૂટ્યા હતા. આ સંદર્ભે ફરિયાદી સંજય જોષીએ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન અને કલોલ તાલુકાના સાંતેજ પોલીસ સ્ટેશનનું ઉદ્ઘાટન મંગળવારે સાંજે કરવામાં આવ્યું. રેન્જ ડીઆઈજી રાજીવ રંજનના હસ્તે બંને પોલીસ સ્ટેશનોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશને જિલ્લા પોલીસ વડા શરદ સીંગલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર તેમજ સરપંચશ્રીઓ, પોલીસ ભાઈઓ કોર્પોરેટર કાર્તિક પટેલ, સુરેશ મહેતા તેમજ સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેમેસ્ટર પાંચની પરીક્ષા ફરી ગોઠવવા ઉગ્ર માંગ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત યુનિવર્સિટીમાં બીએ, બીકોમ અને બીએસસીમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી જે પાંચમાં સેમેસ્ટરમાં નાપાસ થયેલા છે તેમનું વર્ષ ન બગડે તે માટે ફરીથી પરીક્ષા લેવા માટે વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા વારંવાર રજુઆતો કરવામાં આવી હતી.

આમ છતાં યુનિવર્સિટી ક્ષેત્ર દ્વારા આખ આડા કાન કરીને પરીક્ષાનું કોઈ આયોજન કરવામાં આવ્યું નથી. જેના કારણે વિદ્યાર્થીઓએ આગામી વર્ષે પરીક્ષા આપવી પડે તેવી સ્થિતિ સર્જાતા તેમનું વર્ષ બગડે તેવી સ્થિતિ વ્યક્ત કરાઈ રહી છે ત્યારે આ મુદ્દે આજે બપોરે એબીવીપી દ્વારા ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એબીવીપીના કાર્યકરોએ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં સુત્રોચ્ચાર કરી દેખાવ કર્યો હતો. ત્યારબાદ કુલપતિને આવેદનપત્ર પાઠવીને વિદ્યાર્થીઓના હિતમાં અત્યારે પરીક્ષા યોજવા માંગ કરી હતી.

# ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકોને અધિકારીઓ ગાંઠતા નથી અને સાંભળતા પણ નથી

## ટી.ડી.એસ. કપાવા બાબતે ચર્ચા કરવા ગયેલ સભ્યો સમક્ષ અમદાવાદના અધિકારીનું ઉદ્ધતાઈભર્યુ વર્તન

ગાંધીનગર, તા. ૧૧

શહેરના વરિષ્ઠ નાગરિકોને હડધૂત કરવાના કિસ્સા અવાર-નવાર બનવા પામી રહ્યો છે. જે વરિષ્ઠ નાગરિકોને માનસન્માન આપી તેમનું કાર્ય ઝડપથી પુરૂ કરી આપવાનું હોય તેની સામે વડીલોને અપમાન સહન કરવુ પડી રહ્યું છે. નગરની સેક્ટર-૭ પોસ્ટ ઓફિસમાં સિનિયર સિટીજન માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. નગરના વયસ્ક નાગરિકોની ફિક્સ ડિપોઝીટમાંથી ફોર્મ નં. ૧૫ જી ભરવા છતાં ટી.ડી.એસ. ફોર્મ મોકલવામાં આવી રહ્યા છે.

નગરમાં વરિષ્ઠ નાગરિકોને તસ્કરોથી માંડ છુટકારો મળ્યો છે. ત્યારે વિવિધ ઓફિસના અધિકારીઓ દ્વારા કનડગત કરવામાં આવી રહ્યાના કિસ્સા વધવા પામ્યા છે. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા તાજેતરમાં સેક્ટર-૭ પોષ્ટ ઓફિસની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં સામાન્ય પોષ્ટ કાર્ડ લેવા માટે પણ વડીલોને ૩૦ મિનિટ સુધી અસહ્ય ગરમીમાં લાઈનમાં ઉભા રહેવું પડે છે. બેસવા માટેની ખુરશીઓ મુકવામાં આવી છે. પરંતુ ખુરશી તુટેલી ફુટેલી હોવાથી દેખાવ પુરતી જ સિમિત રહી છે. જે અંગેની કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના વિભાગને પણ કરવામાં આવી છે.

સિનિયર સિટીજન દ્વારા વર્ષોથી બચાવેલી જમાપુંજી આડેધડ ટી.ડી.એસ. ફોર્મ મોકલી આપવામાં આવે છે. વાર્ષિક આવકના દાયરામાં આવતા ન હોવા છતાંયે આયકરવેરો કાપી નાંખવામાં આવે છે. જ્યારે પરિષદના અધિકારીઓ આ બાબતે અમદાવાદ સ્થિત કચેરીમાં ટી.ડી.એસ. કપાવાની બાબત ધ્યાને લાવવા ગયા ત્યારે આ અધિકારીએ સમિતિના સભ્યો સામે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરી હડધૂત કરવામાં આવ્યા હતા. આવા અધિકારીઓ સરકારી કચેરીને પોતાના બાપાની પેઢી સમજતા થઈ ગયા હોય તેવુ લાગી રહ્યું છે. અધિકારીઓ સમક્ષ કડક પગલા ભરવાની પણ માંગ કરી છે.

# ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે યોજાયેલ બેઠક

ગાંધીનગર, તા. ૧૧

સરકારની વિવિધ યોજનાઓનો લાભ સાચા લાભાર્થી સુધી પહોંચે અને કોઈ પણ લાભાર્થી તેના લાભથી વંચિત ન રહે તેવું સુચારું આયોજન કરવા જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદે ગરીબ કલ્યાણ મેળા અંગેની બેઠકમાં જણાવ્યું હતું. લાભાર્થીઓને આપવામાં આવતી સાધન-સામગ્રી ગુણવત્તા યુક્ત હોય તેની પણ તકેદારી રાખવા ભારપુર્વક જણાવ્યું હતું.

તા.૧૦મી જુનના રોજ ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે ગાંધીનગર જિલ્લામાં જૂન માસના અંત ભાગમાં અને જુલાઈ માસના આરંભે યોજાનાર -ંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળાના સુવ્યવસ્થિત અયોજન અર્થે જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદની અધ્યક્ષતામાં બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદે જિલ્લામાં જે લોકો ગરીબી રેખા નીચે આવે છે, તેવા લાભાર્થીઓને તેમના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા માટે આંબેડકર આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના અને સરદાર આવાસ યોજના અંતર્ગત સહાય આપવા અને જે લાભાર્થીઓને આ યોજનાઓના લાભ મળેલ છે, તેમને તબક્કાનુસાર કામ પુર્ણ કર્યા હોય તેમને અન્ય તબક્કાનો ચેક આપવા પણ ખાસ જણાવ્યું હતું. તે ઉપરાંત આરોગ્ય વિભાગની જનની સુરક્ષા, મા અમૃતમ યોજના જેવી અન્ય યોજનાના લાભ સાચા લાભાર્થીને મળે તેની તકેદારી રાખવા પણ સંબંધિત અધિકારીશ્રીને જણાવ્યું હતું.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



આકાશમાંથી ૪૫ ડીગ્રી સે. તાપમાને અગનગોળા વરસી રહ્યા છે ત્યારે ગરમીથી બચવા લોકો ઠંડા પીણા, લસ્સી, શેરડીનો રસ, શરબત, આઈસક્રીમ અને ફળફળાદિના રસોનો સહારો લઈ રહ્યા છે. આ ઉપરાંત ઈલેકટ્રોનિક ઉપકરણો જેવા કે એસી, કૂલર ને પંખા વગેરેનો ઉપયોગ કરી રહ્યા છે. ચિલોડા સર્કલ પાસે દિવસ દરમિયાન અસંખ્યા લોકોની અવરજવર અને હજારો મુસાફરોનું આવાગમન ચાલુ હોય છે ત્યારે આકરી ગરમીમાં તેમની તરસ છીપાવવા દેશી ફ્રિજ કહેવાતા માટલામાં પાણી અને વિના મૂલ્યે શરબત વિતરણ કેન્દ્રો ઉભાં કરાયાં છે. આ સેવા કાર્ય ધણપ અને ચિલોડાના આગેવાન નાગરિકો તરફથી હાથ ધરાયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૩૦.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૨.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૩૦, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૧૦.૦૦ (મોર્નિંગ)
સીટીલાઈટ્સ : ૧.૩૦
હીરોપંતી : ૧૦.૦૦
ફિલ્મીસ્તાન : ૪.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦, ૫.૦૦, ૮.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫
ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦
હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૦૦, ૭.૦૦
હીરોપંતી : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માન વધશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. વિરોધી હેરાન કરી શકે છે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રે સફળતા પ્રાપ્તિનો યોગ. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ધાર્મિક આયોજનમાં ભાગ લેશો. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. વ્યાવસાયિક યોજનાઓ સફળ થઈ શકે છે. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ.ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરો. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સામાજિક આયોજનોમાં ભાગીદારી રહેશે. નોકરીમાં જવાબદારી અનુરૂપ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : પ્રયત્નોમાં સફળતા મળશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધારની રાખવી. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. કાન્તિલાલ રતનસિંહ કાળીયા (ઉ.વ.૭૦) મુ.વાવોલ, તા., જિ. ગાંધીનગર.